# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
# પાટણ

<u>પરિપત્ર નં. ૧૧ / ૮૭ / ૨૦૧૪</u>

વિષય :— સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ ઈલેકટીવ જનરીક / ફાઉન્ડેશન / સોફટ સ્કિલ / ઈન્ટર ડીસીપ્લીનરી પરીક્ષાના આવેદન ફોર્મ મોકલી આપવા અંગે...

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીના એકેડેમિક શાખા ધ્વારા પરિપત્ર ક્રમાંક : ૧૩૨/૧૩ તા.૧૮/૬/૨૦૧૩ સંદર્ભે સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ ઈલેકટીવ જનરીક / ફાઉન્ડેશન / સોફટ સ્કિલ / ઈન્ટર—ડીસીપ્લીનરી વિષયોનું કોલેજ કક્ષાએ મૂલ્યાંકન કરાવી એ, બી, સી, ડી ગ્રેડ આપી યુનિવર્સિટી ખાતે મોકલી આપવાના થાય છે.

પરંતુ અમુક વિદ્યાર્થીઓ ધ્વારા સદર વિષયમાં જરૂરી પાસીગ ગુણ ન મેળવતાં તેમજ ગેરહાજર રહેતાં સદર વિદ્યાર્થીઓના હિત ખાતર કોલેજ કક્ષાએ જરૂરી પરીક્ષાના આવેદનફોર્મ નિયત ફી સાથે મેન્યુઅલ ભરાવી તા.૧૦/૭/૨૦૧૪ સુધીમાં યુનિવર્સિટી ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

પરીક્ષાના આવેદનપત્રો સાથે પરીક્ષા ફી યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી ચલણની કોપી ડાઉનલોડ કરી ચાર નકલમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની શાખામાં **"<u>REGISTRAR, HEM. NORTH GUJ. UNIVERSITY, PATAN (POWER JY.)</u>"** ના **<u>Account Number : 33238360265</u>** માં સીધે સીધી જમા કરાવવાની રહેશે. જેમાંથી કોલેજની ચલણ કોપી કોલેજે રાખવાની રહેશે. તેમજ યુનિવર્સિટી એકાઉન્ટ શાખા અને પરીક્ષા શાખાની ચલણ કોપીઓ યુનિવર્સિટીમાં પરીક્ષા ફોર્મ તેમજ તેની યાદીઓ સાથે ફોરવર્ડીગ લેટર સહિત જરૂરી વિગતો સાથેમોકલી આપવા જણાવવામાં આવે છે.

જેથી સદર વિદ્યાર્થીને ભરેલ પરીક્ષા ફોર્મના આધારે નવો બેઠક નંબર ફાળવી શકાય. અને સદર નવા ફાળવેલ બેઠક નંબર પર પુનઃ કોલેજ કક્ષાએ રીટેસ્ટ કે પુનઃ જે તે વિષયનું મૂલ્યાંકન કરાવી ગ્રેડ તેમજ ગુણ યુનિવર્સિટી ખાતે મોકલી આપવાથી વિદ્યાર્થીનું જે તે સેમેસ્ટરનું પરીણામ આખરી કરી જાહેર કરી શકાય. સદર બેઠક નંબરો યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવશે.

આદેશથી/—
(ડૉ. ગિરીશ જે. ઠકકર)
પરીક્ષા નિયામક

જાવક નં. પરીક્ષા/સંચાલન/ ૧૮૮૨ / ૨૦૧૪
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પાટણ — ૩૮૪ ૨૬૫
તારીખ : ૨૬—૬—૨૦૧૪

પ્રતિ,

૧. યુનિવર્સિટી સંલગ્ન વિનિયન, વાણિજય, વિજ્ઞાન, એજયુકેશન, બી.આર.એસ., કાયદા, બી.બી.એ.,બી.સી.એ. કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ જાણ તેમજ જરૂરી ઘટતી કાર્યવાહી કરવા સારુ.

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના</u> :

૧. કુલપતિશ્રી / ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી, હેમ. ઉ. ગુ. યુનિ., પાટણ તરફ જાણ સારૂ
૨. પરીક્ષા નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૩. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ
૪. કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ
૫. હેડકલાર્ક — ખાનગી શાખા / જનરલ શાખા / સેલ શાખા(પરીક્ષા)
૬. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ
૭. સિસ્ટમ એનાલિસ્ટશ્રી, રીઝલ્ટ સેન્ટર તરફ જાણ તેમજ **E-MAIL** દરેક કોલેજોને મોકલવા કાર્યવાહી સારું.